# ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં વિધાર્થીઓ માટે આધ્યાત્મિક બુદ્ધિનો ચોક્કસ ચલોના સંદર્ભમાં અભ્યાસ

**સંશોધક:**

**તીર્થરાજસિંહ જાડેજા**

**માર્ગદર્શક:**

**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**

**સંશોધનના મુખ્ય તારણો:**

- સમગ્ર નિદર્શના ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ ઉચ્ચ કક્ષાની જોવા મળી હતી.
- ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી ન હતી એટલે કે ગાંધીનગર જિલ્લાની તર માધ્યમિક શાળાઓના છોકરાઓ અને છોકરીઓના આધ્યાત્મિક બુદ્ધિમાં તફાવત જોવા મળ્યો ન હતો. આમ, છોકરાઓ અને છોકરીઓ સમાન કક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા હતા.
- ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર વિસ્તારની અસર જોવા મળી ન હતી એટલે કે સરાસરીની તુલના કરતા ઉચ્ચત્તર માધ્યમિકશાળાઓના વિદ્યાર્થીઓમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ સમાન કક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા હતા.
- ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની આધ્યાત્મિક બુદ્ધિમાં કોઇ તફાવત જોવા મળ્યો ન હતો. આમ, ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી નથી.
- શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ આધ્યાત્મિક બુદ્ધિની બાબતમાં સમાન જોવા મળ્યા હતા. આમ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી નથી.
- ગાંધીનગર જિલ્લાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શહેરી તીમારના છોકરાઓ કરતાં ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ આધ્યાત્મિક બુદ્ધિની બાબતમાં અગ્રેસર માલુમ પડયા હતા. આમ, ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ શહેરી વિસ્તારના છોકરાઓ કરતાં ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા હતા.
- શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારની છોકરીઓની આધ્યાત્મિક બુદ્ધિ વચ્ચે તફાવત સાર્થક હતો. આમ, શહેરી વિસ્તારની છોકરીઓની તુલનાએ ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતી હતી.